©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 12th SEPTEMBER, 2025/BHADRA 21, 1947 [No. 5925

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬ (૯)

નગર રચના યોજના નં. ૨૩ (રાજકોટ)

આખરી યોજના

નં. નરયો નં. ૨૩ (રાજકોટ)/આખરી/નિર્ણયો/૨૪૭૯/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬(૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૩)માં જોગવાઈઓ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૨૩(રાજકોટ) ની આખરી યોજના અંગેના મારા નિર્ણયો તા. ૧૧-૦૯-૨૦૨૫ને ગુરૂવારના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૯ ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા, નમૂના-'ડ' મુજબ નગર રચના યોજના નં. ૨૩(રાજકોટ) માં આવતી મિલકતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહી છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થતો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ/ માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળ્યેથી એક(૧) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે અપીલ બોર્ડના નિર્ણયો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૫ અનુસાર રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર, C/o. મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦/એ, ચ-૩ ક્રોસ રોડ, ગાંધીનગરને જરૂરી કોર્ટ ફી નો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મૂળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જ્યારે કલમ-૫૪ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો અધિનિયમની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે. તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત અંતિમ યોજનાની સંપૂર્ણ માહિતી, નિર્ણયો અને નકશાઓ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરીના સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળ : રાજકોટ

તારીખ : ૧૧-૦૯-૨૦૨૫

સહિ/- અવાચ્ય
નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ.

કચેરીનું સરનામુ :
નગર રચના અધિકારીની કચેરી, નગર નિયોજક-૨,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
આર. એમ. સી. મલ્ટીએકટીવીટી સેન્ટર, પ્રથમ માળ,
નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.13 10:22:05 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot